# ગંદકીના સામ્રાજય વચ્ચે પાલનપુરમાં કોટ વિસ્તારોમાં ડેન્ગ્યુનો કહેર

## પાલનપુર મહાજન હોસ્પિટલમાં શંકાસ્પદ ડેન્ગ્યુ-ટાઈફોઈડ અને વાઈરલ ફીવરના ડઝન જેટલા કેસોને પગલે સ્થાનીક રહીશોએ પાલિકાના સત્તાધીશો સામે વરસાવી ફીટકારની લાગણી

પાલનપુર, તા. ૫

એક બાજુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ ભારત અભિયાન



ચલાવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ગંદકીના સામ્રાજય વચ્ચે સ્વચ્છતા અભિયમાનના ધજીયા ઉડતા લોકો રોગચાળામાં સપડાઈ રહ્યા છે. પાલનપુર શહેરના કોટના અંદરના વિસ્તાર એવા ભકતોની લીમડી અને છુવારાફળી સહીતના વિસ્તારોમાં ડઝન જેટલા ડેન્ગ્યુ સહીતના કેસો નોંધાતા સ્થાનીક રહીશો ફફડી ઉઠયા છે.

સૌનો સાથ-સૌનો વિકાસની ગુલબાંગો વચ્ચે આજે પણ પાલિકાના સત્તાધીશો ધ્વારા શહેરના કોટના અંદરના વિસ્તારો કે જયાં લઘુમતિ સમુદાયની બહુમતિ છે. તેવા વિસ્તારો પરત્વે ઓરમાયું વર્તન દાખવાતા નિયમિત સફાઈ હાથ ધરાતી નથી. જેને કારણે ગંદકીનું સામ્રાજય પ્રવર્તી રહ્યુ છે. ગટરો ઉભરાતા ગંદકીના ઢગ વચ્ચે લોકો માંદગીના બિછાને પટકાઈ રહ્યા હોવા છતાં પાલિકા સહીત આરોગ્યતંત્રના પેટનું પાણી યે હાલતું નથી. જે તેઓની ઘોર



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બેદરકારી છતી કરે છે. પાલનપુર શહેરના ભકતોની લીમડી અને છુવારાફળી વિસ્તારના (૧) ફતેહભાઈ ઉસ્માનભાઈ સલાટ ઉ.વ.૬૪ (૨) નજીરભાઈ હાજીસાબ ખોખર ઉ.વ.૨૫ (૩) સીમાબાનુ યુનુસખાન ખોખર ઉ.વ.૧૪ (૪) તોકીર બશીરભાઈ સલાટ ઉ.વ.૧૭ (૫) તન્વીર બશીરભાઈ સલાટ ઉ.વ.૧૫ (૬) સરફરાજ સાદીકભાઈ સલાટ ઉ.વ.૧૪ તથા દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામના ગીરીશ જયંતિભાઈ શ્રીમાળી ઉ.વ.૧૬ સહીતના આઠેક દર્દીઓ આજે પણ શહેરની મહાજન હોસ્પિટલમાં શંકાસ્પદ ડેન્ગ્યુ અને ટાઈફોઈડ સહીતની બિમારીનો ભોગ બની હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યા છે. જેને લઈને તેઓના સ્વજનોએ ભારે આક્રોશ સાથે પાલિકાના સત્તાધીશો સહિત સ્થાનીક નગરસેવકો સામે પણ ફીટકારની લાગણી વરસાવી સત્વરે સફાઈ ઝુંબેશ હાથ ધરવાની માંગ કરી હતી. વધતી જતી



મોંઘવારીના માર વચ્ચે બિમારીનો ભોગ બનેલા લોકોએ જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરનારા જવાબદાર લોકો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

# પ્રાંતિજમાં કરોડોના ખર્ચે બનાવાયેલ બિલ્ડીંગ ઉદ્‌ઘાટનના અભાવે બન્યું અસામાજિક તત્વોનો અડ્ડો : પ્રજા ત્રસ્ત તંત્ર વ્યસ્ત

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તમામ સરકારી કચેરીઓ એકજ જગ્યાએ ઉભી કરવા પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં કરોડોના ખર્ચે બનાવાયેલ તોતિંગ બિલ્ડીંગ તૈયાર થઈ ગયું હોવા છતાંય કચેરીઓનું કામકાજ જૂની જગ્યાએ જ ચાલુ રખાતાં પ્રજા હાલાકીનો સામનો કરે છે. જ્યારે કરોડોના ખર્ચે બંધાયેલ આ મકાનમાં અસામાજિક તત્વો અને તીનપત્તીઓ રમનારાઓનું આશ્રય સ્થાન બની ગયું છે.

પ્રાંતિજમાં પ્રજાના કામકાજ માટે સરકારી જુદી જુદી જગ્યાઓ અલગ અલગ વિભાગની અસંખ્ય કચેરીઓ કાર્યરત છે. જ્યાં પીવાના પાણીથી માંડી શૌચાલયોનો અભાવ તથા જૂના મકાનોના કારણે કર્મચારી તથા પ્રજા માટે જોખમરૂપ લાગતા જે તે વખતના મંત્રી તથા ધારાસભ્ય જયસિંહ ચૌહાણે સરકારમાંથી કરોડો રૂપિયાની મંજુરી મેળવી તમામ કચેરી કચેરીઓ અદ્યતન બનાવી એક જ જગ્યાએ બિલ્ડીંગ ઉભું કરતાં છેલ્લા એક વરસથી આ સુવિધા યુક્ત બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. પરંતુ રાજકારણીયા અને તંત્ર આ મકાનનું ઉદ્‌ઘાટન નહી કરતાં હોવાથી અદ્યતન બિલ્ડીંગ અસામાજિક તત્વોનો અડ્ડો બન્યુંછે ને પ્રજા તથા સ્ટાફ પરેશાનીઓ ભોગવે છે જેથી આ મકાનનું ઉદ્‌ઘાટન ઝડપથી થાયને લોકોને સુવિધા મળે ને ગરમીમાં શેકાતા જનતાને હાશકારો થાય તે માટે રાજકારણની ઐસીકી તૈસી કરી ઝડપથી બિલ્ડીંગ ખુલ્લુ મુકાય એવો જનમત પ્રાંતિજ તાલુકામાં પ્રવર્ત્યો છે.

# બોલુન્દ્રા ગામે વકરેલા ઝાડા ઉલ્ટીના રોગનું સાચુ કારણ હજુ અકબંધ

## આજે નવા ૧૦ કેસ નોધાયા :કુલ આકડો ૮૬ પર પહોચ્યો : આરોગ્ય વિભાગે ગ્રામસભા યોજી : આજે ગાંધીનગરથી આરોગ્યની ટીમો આવશે અને ગ્રામજનોને માર્ગદર્શન આપશે

મોડાસા, તા.૫

છેલ્લા ૫ દિવસથી બોલુન્દ્રા ગામે વકરેલો ઝાડા ઉલટી નો રોગ શાંત થવાનુ નામ જ નથી લેતો આ રોગ માં દિવસે ને દિવસે વધુ ગ્રાજનો સપડતા જવાના કારણે સમગ્ર અરવલ્લી જીલ્લા નુ આરોગ્ય વિભાગ માં દોડધામ મચી ગઈ છે દીવસે ને દીવસે વધુ ને વધુ કેસો નોધાતા ગ્રામજનો માં પણ ભય ની લાગણી ફેલઈ ગઈ છે થ્યારે આજે સતત પાંચમા દિવસે પણ આ ઝાડા ઉલટી ના ૧૧ જેટલા નવા દર્દીઓ નોધાયા હતા.

આજથી પાંચેક દિવસ અગાઉ મોડાસા તાલુકના બોલુન્દ્ ગામે પીવાના પાણી માં લીકેજ થવાને કારણે પીવાની પાણી ની અંદર દુષિત પાણી ભળી જવા ને કારણે બોલુન્દ્ ગામે પ્રથમ દિવસે જ ૩૦ થી વધુ લોકો ઝાડા ઉલટી માં સપડાઈ થ્ગયા હતા ત્યારે આ બાબતે આરોગ્ય વિભાગ ને જાણ થતા આરોગ્ય વિભાગ ની ટીમો તાબડતોબ ઘટના સ્થળ ઉપર પહોચી જઈ સારવાર આપવાની ચાલુ કરી હતી પરંતુ છૈલલા ૫ દિવસ થી આરોગ્ય વિભાગ ની ટીમો ઘટના સ્થળ ઉપર સ્ટેન્ડ બાય હોવા છતાં પણ જાણે આ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

રોગ કાબુ માં આવાનુ નામ જ ના લેતો હોય તેમ આ રોગ માં આજે તાપ ના રોજ પણ બીજા નવા ૧૧ દર્ખીઓ મળી આવ્યા હતા અને અત્યાર સુધી આ રોગ ના દર્દીઓ નીસ સંખ્યા ૮૬ ઉપર પહોચી જતાં સમગ્ર ગામ માં ભય નો માહોલ ઉભો થયો છે ત્યારે બે દીવસ અગાઉ જીલ્લા વીકાસ અધિકારી એ આ ગામ ની મુલાકાત લઈ ને સમીક્ષા કરી હતી ત્યારે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગઈ કાલે અરવલલી જીલ્લા કલેકટર એસ.છાકછુઆકે પણ ગામની મુલાકાત લઈ ને આ અંગે અધિકારીઓ ને સાચુ કારણ શોધવા તાત્કાલીક જણાવ્યુ હતુ અને ગા માં હાલ ટેન્કર થી કલોરીન યુકત પીવાનુ પાણી આપવામાં આવી હતી.

જયારે હાલ તો આ સમગ્ર કેસ માં પીવાના પાણી ની પાઈપ માં લીકેજ હોવાને કારણે પીવાના પાણી માં દુષીત પાણી ભળી જવાને લીધે આ રોગચાળો ફેલાયો હોવાનુ પ્રથમીક તપાસ માં બહાર આવ્યુ છે જયારે હજુ આ રોગ આટલો બધો વકરવા પાછળ નુ સાચુ કારણ શોધી શકાયુ નથી જયારે આ રોગ ની ગંધીરતા લઈ ને આજે ગાંધીનગર આઈએસડી ના આરોગ્ય વિભાગ ની પણ એક ટીમ બોલુન્દ્રા ગામની મુલાકાત લેશે જયારે આજે બોલુન્ર ગામે આરોગ્ય ના કર્મીઓ ધ્વારા એક ગ્રામસભા નુ આયોજન કરી અને લોકો ને આ રોગ થી બચવા માટે શુ કરવુ જોઈએ તે અંગે ની પ્રથામીક માહીતી આપી હતી.

# ઈન્દ્રાસણ ગામના પી.એસ.આઈ.ની પત્નિના મૃત્યુ કેસમાં ડીવાયએસપીને આવેદન પત્ર અપાયુ

## પત્નિનું મૃત્યુ શંકાસ્પદ જણાતા પિયરીયાપક્ષ દ્વારા તપાસની માંગ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામમાં થોડા સમય પહેલા એક નિવૃત્ત પી.એસ.આઈ.ની પત્નિનું માથાના ભાગ પર ઈજા થવાથી મૃત્યુ નિપજયું હતું. ત્યારે આ મહિલાનું કુદરતી મોત નહિ પરંતુ ઘટનામાં નવો વળાંક આવ્યો છે.

બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામમાં એક નિવૃત્ત પી.એસ.આઈ.ની પત્નિનું માથાના ભાગે ઈજાઓ થતાં વાત્રક હોસ્પિટલમાં સારવાર આપી ગંભીર ઈજા જણાતાં તાત્કાલિક અમદાવાદ પિયરપક્ષવાળાને આ વાત ગળે ન ઉતરતાં આ મહિલાનુ મૃત્યુ મહિલા પાસેથી જમીન પડાવી લેવા માટે કદાચ તેની હત્યા કરવામાં આવી હોય તેવો શક પેદા થતાં અને મહિલાના મૃત્યુની સાચી જાણકારી મેળવવા માટે પિયરપક્ષના લોકોએ ગઈકાલે મોડાસા



(તસવીર : જય અમીન, મોડાસા)

હત્યા કરી હોવાનો શક રાખીને પીયરપક્ષ દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ થાય અને મોતનુ સાચુ કારણ જાણવા મળે તે માટે મોડાસા ડીવાયએસપીનો આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેથી સમગ્ર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મહિલાનું મૃત્યુ પડી જવાથી માથાના ભાગે ઈજાઓ થવાથી થયુ હોવાની શરૂઆતમાં વાત થતી હતી પરંતુ મહિલાના ડીવાયએસપી કચેરીમાં આવ્યા હતા અને નિવૃત પી.એસ.આઈ. વિરૂદ્ધ યોગ્ય કાર્યવાહિ કરવાની માંગ કરી હતી. મોડાસા ડીવાયએસપી બડોલીયાએ આવેદનપત્ર સ્વીકારી તમામ લોકોને સાંભળીને યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. આમ પિયરપક્ષ દ્વારા મહિલાનુ મૃત્યુ કુદરતી ન ગમાવતાં હત્યાની શંકાની સોય તાણી આવેદનપત્ર આપતાં આ મૃત્યુની ઘટનામાં નવોજ વળાંક આવ્યો છે. તેમજ આ સમગ્ર ઘટનાએ બાયડ તાલુકામાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે.

# ૭મીએ મહેસાણામાં વાણિજ્યિક વેરા ખાતાનો સેમિનાર યોજાશે

પાલનપુર, તા. ૫

સંયુકત વાણિજયીકવેરા કમિશનર વિભાગ-૪ મહેસાણા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે વાણિજયીકવેરા ખાતા તરફથી રાજય બહારથી માલની ખરીદ વેચાણની પ્રવૃતિ સાથે સંકળાયેલ વેપારીશ્રીઓને ONLINE ફોર્મ (૪૦૨, ૪૦૩, ૪૦૫) મેળવવાનું ફરજીયાત થયેલ છે. આ બાબતે વેપારીશ્રીઓને ફોર્મ મેળવવા સંબંધે પુરતી સમજ આપવા સારૂ તા. ૦૭-૦૫-૨૦૧૫ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે દૂધસાગર ડેરી હોલ, મહેસાણા ખાતે વાણિજયીકવેરા ખાતાના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા વિશાળ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

# બનાસકાંઠામાં સરકારી વકીલોની પેનલ રચાઈ

પાલનપુર, તા.૪

બનાસકાંઠા જિલ્લામાં મદદનીશ સરકારી વકીલ અને એડી.પબ્લીક પ્રોસીક્યુટર શ્રી કપુરજી ગણેશજી પઢીયારની નિમણુંક રદ કરતાં અત્રેથી પેનલ બનાવવા બાબતે તા.૧૦/૦૩/૨૦૧૫થી જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ હતી પરંતુ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો તરફથી પુરતી વિગતો રજુ નહી થતાં તેમજ પુરતા ઉમેદવારો ન હોવાથી, વધુમાં શ્રી દિપકકુમાર ખેમચંદભાઈ પુરોહિત, મદદનીશ સરકારી વકીલ અને એડી.પબ્લીક પ્રોસીક્યુટરની નિમણૂક રદ કરવામાં આવે લ છે. તે જગ્યા માટે તેમજ ૧.શ્રી પી. આર. વાઘેલા, ૨. શ્રી આર. પી. વૈષ્ણવની મુદત તા.૩૧/૧૨/૨૦૧૫ના રોજ પૂર્ણ થતી હોઈ કૂલ મળીને ઉક્ત ૪(ચાર) જગ્યાઓ માટે નવી નિમણૂક કરવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૪(૪)ની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા વકીલશ્રીઓની પેનલ તૈયાર કરવાની થાય છે.

પેનલમાં સમાવિષ્ટ થવા માટે કાયદા અધિકારીઓના નિયમો ૨૦૦૯ના નિયમ-૫ (૨) પ્રમાણેની લાયકાત આ પ્રમાણે છે. (૧) જિલ્લા કોર્ટમાં ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષથી સક્રિય હોય, (૨) ઉમેદવારની ઉંમર ૬૦ વર્ષથી વધુ ન હોય, (૩) ઉમેદવાર પોતાની નિમણુંકના ઓછામાં ઓછા ૩ વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય. આ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનાના અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ નિયત નમૂનાના અરજીફોર્મમાં પોતાની અરજી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તા.૨૦/૦૫/૧૫ સુધી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરને મોકલી આપવી. નિયત સમય મર્યાદા બહાર મળેલી અને પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જોડ્યા સિવાયની અરજીઓ તથા અધુરી વિગતવાળી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી. ઉમેદવારોએ આ બાબતે જયારે ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ સ્વખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે ઉપસ્થિત રહેવાનું રહેશે.

# વડાગામ આઉટ પોસ્ટમાં લટકતા ખંભાતી તાળાથી પ્રજાજનો પરેશાન

ધનસુરા તાલુકાના વડાગામમાં વડાગામ આઉટ પોસ્ટ પોલીસ મથક આવેલુ છે. જ્યાં છેલ્લા ઘણા સમયથી પોલીસ કર્મીઓની ગેરહાજરીને લીધે ખંભાતી તાળા જ લટકેલા જોવા મળે છે. આથી સ્થાનિક અરજદારોને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકામાં ધનસુરા પોલીસ મથકથી એક કિમી દૂર વડાગામે આઉટ પોસ્ટ મથક આવેલ છે. જ્યાં સ્થાનિક રહિશો પોતાની નાની મોટી અરજીઓ અને ફરિયાદના નિવારણ માટે જાય છે. પરંતુ આઉટ પોસ્ટમાં મહિનાના ૨૫ દિવસ પોલીસકર્મીઓની ગેરહાજરીને લીધે અહીં ખંભાતી તાળા જ લટકેલા જોવા મળે છે. આથી પોતાની અરજીઓ લઈ અંતરીયાળ વિસ્તારમાંથી આવતા અરજદારોએ વીલા મોઢે પાછા ફરવાનો વારો આવે છે અને ના છૂટકે છેક ધનસુરા પોલીસ સ્ટેશન જવુ પડે છે. આ મુશ્કેલીઓને લઈ સ્થાનિક પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે. અને તાકીદે આઉટ પોસ્ટમાં ૨૪ કલાક પોલીસ કર્મીઓની ફરજીયાત હાજરી મળી રહે તેવી પ્રજાજનોની માંગણી ઉઠવા પામી છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્‌ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્‌ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્‌ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્‌ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧